# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. રાજ્ય સરકારે PMJAY યોજનામાં સમાવિષ્ટ હોસ્પિટલો માટેની નવી માર્ગદર્શિકા જાહેર કરી
2. કેન્દ્ર સરકારે ધોરણ 5 અને 8માં વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને આગળનાં ધોરણમાં બઢતી આપવાની નીતિ રદ કરી
3. રાજ્યની 159 નગરપાલિકાઓ અને 8 મહાનગરપાલિકાઓનો "eNagar" પ્રોજેક્ટમાં સમાવેશ
4. આજે રાષ્ટ્રીય ખેડૂત દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા ભારપૂર્વક અનુરોધ કર્યો
5. આગામી પાંચ દિવસ હવામાનની સ્થિતિ યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી

----------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PMJAY-SOP Guidelines

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PMJAY હેઠળ પેનલમાં સમાવિષ્ટ હોસ્પિટલની ગેરરીતિ કોઇપણ ભોગે સાંખી નહીં લઈ લેવાય. શ્રી પટેલે આજે - PMJAY યોજનામાં સમાવિષ્ટ હોસ્પિટલો માટેની માર્ગદર્શિકા જાહેર કરી હતી, જે અંતર્ગત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-2024ની જોગવાઇ હેઠળ પૂર્વનિર્ધારિત સારવારમાં દર્દી અને સગાને પુરતી સમજણ આપતી વખતે વિડીયો રેકોર્ડીંગ સાથેનું સંમતિ પત્રક ફરજીયાત લેવાનું રહેશે. આ ઉપરાંત, દર્દીને ડિસ્ચાર્જ કરતી વખતે ડિસ્ચાર્જ સમરીની સાથે સારવાર દરમ્યાન કરવામાં આવેલા લેબોરેટરી, રેડિયોલોજી સહિતનાં નિદાન અહેવાલો ફરજીયાત આપવાના રહેશે. આ અંગે શ્રી પટેલે વધુ માહિતી આપી...

(Byte – Rushikesh Patel, NEW SOP)

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યની તમામ હોસ્પિટલોએ ચેપ અંકુશ અને અટકાયત માટેની ભારત સરકારની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ યોજના હેઠળ થતી ગેરરિતીનાં બનાવો રોકવા સરકારી તેમજ GMERS મેડિકલ કોલેજમાંથી અલાયદી ટીમની રચના કરવામાં આવી છે.

--------------

## DETENTION POLICY SCRAPPED

કેન્દ્ર સરકારે ધોરણ 5 અને 8ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં બઢતી આપવાની નીતિ રદ કરી છે. કેન્દ્રીય શિક્ષણ સચિવ સંજય કુમારે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ધોરણ 5 અને 8 ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે. જો તેઓ પુનઃપરીક્ષા પછી ફરીથી નાપાસ થશે, તો તેમને આગલા વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં.

તેમણે કહ્યું કે, આ વિદ્યાર્થીઓનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી શાળામાંથી કાઢી મૂકવામાં આવશે નહીં. સચિવે કહ્યું કે, બાળકોના ભણતરના પરિણામોને સુધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

--------------

## E Nagar Project

કેન્દ્ર સરકારના ડિજિટલ ઇન્ડિયાના દ્રષ્ટિકોણને સાકાર કરતા ગુજરાતમાં નાગરિકોને મોટા ભાગની યોજનાઓ આંગળીના ટેરવે મળતી થઈ ગઈ છે. ઇ-ગવર્નન્સ અને એમ-ગવર્નન્સ અંતર્ગત તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓને સમાન પ્લેટફોર્મ પર લાવવા માટે રાજ્ય સરકારે ઇ-નગર પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ..

( Voice Cast Anil Patel )

*(ડિજિટલ યોજના "eNagar" હેઠળ નાગરિકોને ઓનલાઇન મેરેજ રજીસ્ટ્રેશન, પ્રોપર્ટી ટેક્સ, બિલ્ડિંગ પરમિશન, હોલ બુકિંગ, પ્રોફેશનલ ટેક્સ, એસ્ટેટ મેનેજમેન્ટ, પાણી અને ગટરની સેવાઓ, લાયસન્સ, ફરિયાદો વગેરે વિવિધ સેવાઓનો પૂરી પાડવામાં આવે છે.*

*ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા નાગરિકોને સમય તથા નાણાની બચત થાય છે અને કાર્યક્ષમ સેવાઓ મળી રહે છે.*

*ઝડપી નાગરિક સેવાઓ પૂરું પાડતા ડિજિટલ પ્લેટફોર્મ "ઇ-નગર" અંતર્ગત નવ મોડ્યુલ્સ અને 42 સેવાઓ પૂરી પાડવામાં આવે છે. રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓનો "eNagar" પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.*

*આ કેન્દ્રીયકૃત પ્લેટફોર્મ પર વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા નાગરિકોની અરજીઓનો યોગ્ય અને સમયસર ઉકેલ લાવવામાં આવે છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ઇ-નગર પ્રોજેક્ટ માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત શહેરી વિકાસ મિશનની નિમણૂક કરી છે.*

*-અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ )*

--------------

## GOVERNOR - Rastriya Khedut Divas

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને આજે ભાવનગરના બગદાણા ખાતે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યપાલે ખેડૂત દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, આ ધરતી પર સૌના પેટ ભરવાનું કામ કરતા ખેડૂતો સૌથી મોટા પરોપકારી છે. તેમણે ઉમેર્યું કે, હિમાચલ પ્રદેશમાં પ્રાકૃતિક ખેતીને સફળ બનાવવામાં મહિલાઓનું બહું મોટું યોગદાન છે. ગુજરાતમાં પણ પ્રાકૃતિક ખેતી માટે બહેનો આગળ આવે એ માટે તેમને તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિ સખી તરીકે  ગામની અન્ય મહિલા ખેડૂતને તાલીમ આપનાર બહેનોને દર મહિને મહેનતાણું પણ આપવામાં

આવશે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## WEATHER UPDATE

રાજ્યમાં છેલ્લાં કેટલાંક દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. છેલ્લાં 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું 7.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન 17.8 ડિગ્રી, વડોદરામાં 19.8 ડિગ્રી , રાજકોટમાં 12.4 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 20.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

આગામી પાંચ દિવસ ગુજરાત રાજ્યમાં આ પ્રકારની સ્થિતિ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડોક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત ઉપર ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી આવી રહેલાં પવનને કારણે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીનો ભેજ ગુજરાત ઉપર સ્થાયી થયો છે, જેને કારણે સૂર્યપ્રકાશ જમીન પર પહોંચી શકતો નથી અને ભેજને કારણે તાપમાનમાં ઘટાડો થઈ શકતો નથી, તેથી ઠંડીનું જોર ઘટ્યું છે.

(બાઇટ- એ.કે.દાસ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)

અમારા ડાંગ જિલ્લાનાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, ગિરિમથક સાપુતારામાં ઠંડીને કારણે પ્રવાસીઓથી ધમધમતા રસ્તા સુમસામ જોવા મળી રહ્યા છે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પણ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે.

--------------

## My Bharat platform Mandavia

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું છે કે, 2036નો ઓલિમ્પિક ભારતમાં યોજાય તેવા કેન્દ્ર સરકારના પ્રયાસો છે. આ માટે ભારત સરકારે દાવો પણ રજૂ કરી દીધો છે. ઓલિમ્પિકની તૈયારી માટેનું ઇન્ફ્રાસ્ટ્રચર પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. 2036ના ઓલિમ્પિકમાં ભારત 1થી 10 નંબરમા આવે એ પ્રકારના પ્રયાસો દેશ કરી રહ્યો છે.

2047 સુધીમાં ભારત પોતાની આગવી ઓળખ ઓલિમ્પિકમાં ઊભી કરશે. આ અંગે શ્રી માંડવિયાએ વધુ માહિતી આપી હતીઃ

(Byte - Mandavia)

--------------

## KHEDA--SHOOTING

મધ્યપ્રદેશનાં ભોપાલ ખાતે યોજાયેલી ૬૭મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં નડિયાદ ખાતે ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર સત્યનારાયણ મિશ્રાએ પ્રખ્યાત શૉટ શૂટરની સિદ્ધિ મેળવી છે.

ખેડા જિલ્લાના મહેમદાવાદના અને હાલ રાજ્ય અનામત પોલીસ દળ નડિયાદ ખાતે ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર સત્યનારાયણ મિશ્રાએ ૫૦ મીટર રાઇફલ પ્રોન પોઝીશન ઇવેન્ટમાં ૫૯૦.૩ નો સ્કોર હાંસલ કરીને રાષ્ટ્રીય કક્ષાએ ખેડા જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

--------------

## GOOD GOVERNANS DAY

એપ્રિલ 2003 થી નવેમ્બર 2024 સુધીમાં સ્વાગત પોર્ટલમાં મળેલી ફરિયાદો પૈકી 98.3 ટકા અરજીઓનો હકારાત્મક નિકાલ કરી દેવામાં આવ્યો છે.

જન ફરિયાદ નિવારણના ટેક્નોલોજીયુક્ત અભિગમ સ્વાગતના પૂર્ણ થયેલા બે દાયકામાં અનેક રજુઆતોનું સફળતાપૂર્વક નિવારણ થતું રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાગતને ૨૦૨૩માં ૨૦ વર્ષ પૂર્ણ થતાં આ સફળતાની પ્રસંશા

વિશેષ સંબોધન કરીને પાઠવી હતી. સ્વાગતની સફળતાને વિશ્વ સ્તરે પણ ચાર જેટલા પ્રતિષ્ઠીત એવોર્ડના ગૌરવ-સન્માન પ્રાપ્ત થયા છે.

પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ 25 ડિસેમ્બરને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વાગત ૨.૦ હેઠળ ઓટો એસ્કેલેશન મેટ્રીક્સ પદ્ધતિ પાટણ અને ખેડા જિલ્લામાં કાર્યરત કરવામાં આવી હતી. હવે તે તમામ જીલ્લાઓમા લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 25 ડિસેમ્બરે સ્વાગત મોબાઇલ એપ્લિકેશન લોન્ચ કરશે.

ઓટો એસ્કેલેશન મેટ્રીકસનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થયા પછી કુલ ૨૧ હજાર ૫૪૦ અરજીઓમાંથી ૯૦ ટકા અરજીઓનો પ્રાથમિક લેવલે જ સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવ્યો છે.

-------------